શરતો અને બોલીઓ :

- લાભાર્થી પાસેથી ચુકવણા પેટે મળેલ ચેક રીટર્ન થયેથી ચેક તથા રીટર્ન મેમો અને અગાઉની માંગણા નોટિસ અત્રેની કચેરીથી મેળવી લીગલ નોટિસ તૈયાર કરી નોટિસ તથા લાભાર્થીને કરેલ RPAD ની નકલ અને બજવણી અંગેનો ઓનલાઇન રીપોર્ટ રજુ કર્યેથી અત્રેની કચેરીએથી નોટિસ બીલનુંચુકવણું કરવામાં આવશે.
- નોટિસ બજાવ્યા બાદ સમય-મર્યાદામાં નામદાર કોર્ટ સમક્ષ કેસ દાખલ કરવાનો રહેશે અને દાખલ કર્યાબાદ કેસ દાખલ થયા અંગેનો ઓનલાઇન રીપોર્ટ રજૂ કર્યેથી કેસ દાખલ કરવા બાબતનું ચુકવણું કરવામાં આવશે.
- કોઇ પણ સંજોગોમાં લીગલ નોટિસ આપ્યાબાદ નેગોશીયેબલ ઇંન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઇ પ્રમાણે સમય-મર્યાદામાં કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવાનો રહેશે.
- નિગમ તરફથી સોંપવામાં આવતા તમામ કેસોનું અધતન રેકર્ડ નિભાવવાનું રહેશે અને વખતોવખત થયેલ પ્રગતિ અહેવાલ દર માસે નિગમને રજુ કરવાનો રહેશે.
- નિગમ દ્વારા પેનલ પરના એડવોકેટના બીલની ખરાઇ કરી ચુકવણા કરવામાં આવશે.
- નોટિસ આપ્યાબાદ વસુલાત અધિકારીને સાથે રાખી અસલ રેકર્ડ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરી વસુલાત અધિકારીશ્રીની લેખિત જુબાની/સોગંદનામું નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવાનું રહેશે.
- કેસનું સમાધાન થયાના કિસ્સામાં સમાધાન પુરશીસ તથા ચુકાદો અને કેસ ચાલવાના કિસ્સામાં નામદાર કોર્ટના હુકમની સર્ટીફાઇડ નકલો સાથે કેસનું આખરી બીલ રજુ કર્યેથી નિગમ તરફથી બીલનું ચુકવણું કરવામાં આવશે.

**ભાવ પત્રક**

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | લીગલ નોટિસ | રૂા. ૨,000/- |
| ૨ | નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ કેસ ફાઇલીંગ | રૂા. ૨,000/- |
| 3 | સમાધાન | રૂા. ૧,000/- |
| ૪ | સમાધાન ન થાય અને પુરાવો લેવાનો થાય તો પુરાવાના સ્ટેજે | રૂા. ૧,000/- |
| ૫ | આખરી નિકાલ | રૂા. ૨,000/- |

- નિગમ દ્વારા પેનલ પર નિમણુંક પામેલ એડવોકેટને ફાળવણી કરવામાં આવેલ કેસોમાં તેઓએ ફરજીયાત પણે કચેરી તથા નામદાર કોર્ટમાં જરૂરી તમામ કાર્યવાહીઓ કરવાની રહેશે.
- નિગમ તરફથી સોંપવામાં આવેલ કેસોનું રેકર્ડ જેવા કે ચેક, રીટર્ન મેમો વગેરે સાચવીને કાળજીપૂર્વક રાખવાના રહેશે અને સમય-મર્યાદામાં નામદાર કોર્ટમાં દાખલ કરી દેવાના રહેશે.

- નિગમ તરફથી વખતોવખત સોંપવામાં આવતી કેસોને લગતી કામગીરી પેનલ પરના એડવોકેટશ્રીએ કરવાની રહેશે.
- પેનલ પરના એડવોકેટ સ્વેચ્છાએ પેનલ પરથી છૂટા થવા માંગે અથવા કોઇ કારણોસર નિગમ દ્વારા પેનલ એડવોકેટને છૂટા કરવાના થાય તો ઉભયપક્ષે એક માસની ઇન્ટીમેશન નોટિસ આપી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.
- પેનલ પરના એડવોકેટશ્રીએ નિગમ તરફથી સોંપવામાં આવતા કેસોમાં માત્ર નિગમના હિતમાં જરૂરી કાર્યવાહીઓ કરવાની રહેશે.
- નિગમ દ્વારા નક્કી કરવામાં આવેલ ભાવપત્રક તેઓને કબૂલ મંજૂર હોવા અંગે બાંહેધરી રજુ કરવાની રહેશે.
- નિગમ દ્વારા સોંપવામાં આવતી કામગીરી પેટે અન્ય કોઇ તત્કાલ ખર્ચ કરવો જરૂરી પડે તો તેવા કિસ્સામાં પેનલ પરના એડવોકેટશ્રીએ પાકું બીલ તથા કરેલ કામની વિગત રજુ કર્યાની ખરાઇ કર્યાબાદ ચુકવણાની કામગીરી કરવામાં આવશે.